# નવસારી કૃષિ યુનિવર્સિટી
**એરુ ચાર રસ્તા, દાંડી રોડ નવસારી –૩૯ ૬૪૫૦**


રાજયની કૃષિ યુનિ યુનિવર્સિટીઓ અને રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદના શૈક્ષણિક સંવર્ગોને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબ નવસારી કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓને પગાર સુધારણા નો લાભ આપવા બાબત.

## ◈ પરિપત્ર ◈

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિવર્સિટી અધિકારી, તમામ કોલેજ/પોલીટિકનીક ના ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ તથા યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે રાજયની કૃષિ યુનિ યુનિવર્સિટીઓ અને રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદના શૈક્ષણિક સંવર્ગોને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબ નવસારી કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓને તા.૧/૧/૨૦૧૬ થી પગાર સુધારણાનો લાભ સ્કેલ ટુ સ્કેલ ધોરણે આપવા માટે નામ.સરકારશ્રીના કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૭.૬.૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ગકવ/૧૬૨૦૧૮/૧૩૧૬/ક.૨ થી યુનિવર્સિટીઓમાં અમલ કરવા ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સાથે ઠરાવની નકલ ઘટતી કાર્યવાહી હાથ ધરવા આ સાથે સામેલ રાખવામાં આવે છે. જે સર્વેને જાણ થવા સારુ.

આ પરિપત્ર આ શાખાની નોધ ફાઈલ ઉપર માન. કુલપતિશ્રીની મંજંરી મેળવીને જારી કરવામાં આવે છે.

**કુલસચિવ**

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/**૪૯૫૮–૫૦૦૭**/ ૨૦૧૯
નવસારી તા. ૧૯.૬.૨૦૧૯

**નકલ સવિનય રવાના** :-

(૧) યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ સારુ..
(૨) યુનિવર્સિટીના તમામ કોલેજો/પોલીટિકનીકના ડીનશ્રી/ આચાર્યશ્રીઓ તરફ જાણ તથા અમલ સારુ..
(૩) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ સારુ..
(૪) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારુ..
(૫) હિસાબ નિયામકશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ તથા અમલ સારુ..

**નકલ રવાના:–**

(૧) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ તથા અમલ સારુ..
(૨) અત્રેની કચેરીની એડીએમ.૩.૩ તરફ જાણ સારુ..

રાજયની કૃષિ યુનિવર્સિટીઓ અને રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદના શૈક્ષણિક સંવર્ગોને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણાનો લાભ આપવા બાબત.

**ગુજરાત સરકાર**

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક:- ગકવ / ૧૬૨૦૧૮ / ૧૩૧૬ / ક-૨

સચિવાલય, ગાંધીનગર.

**તા.૦૭/૦૬/૨૦૧૯**

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી ઇ.નં. ૩૫૬૧ 18 JUN 2019 એડીએમ-૩ શાખા

**વંચાણે લીધા:**

૧. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૧૯.૧૧.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: SCA/૧૦૨૦૦૯/૧૫/ક-૨

૨ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૦૧.૦૪.૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: ગકવ/૧૪૨૦૦૯/૧૧૮૪/ક-૨

૩. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૧૫.૦૪.૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: ગકવ/૧૪૨૦૦૯/૧૧૮૪/ક-૨

૪. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા. ૨૩.૦૧.૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક: ગકવ-૧૪૨૦૦૬-૩૨૮૨-પાર્ટ-૧-ક-૨

૫. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૨૨.૦૮.૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક: ગકવ/૧૪૨૦૧૩/૮૮૬/ક-૨

૬. ICAR ના તા-૦૯.૦૩.૨૦૧૭ ના પત્ર ક્રમાંક- Edn. ૨૩ /૪૬ / ૨૦૧૦- EQR(pt)

૭. મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રીસોર્સ ડેવેલોપમેન્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન, ભારત સરકારના તા.૦૨.૧૧.૨૦૧૭ ના પત્ર ક્રમાંક: 1-7/2015-U.II(1)

૮. UGC, નવી દિલ્હીના ના તા-૧૮.૦૭.૨૦૧૮ નોટીફીકેશન નં- F1-2-2017(EC/PS)

૯. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હીના તા.૩૧.૦૧.૨૦૧૮ના પત્રક્રમાંક:23-4/2017(PS)

૧૦. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદનો તા. ૨૭/03/૨૦૧૮નો ક્રમાંક:F.No.1(4)2017-Per-IV

૧૧. રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગરની કચેરીના તા. ૨૧/૦૧/૨૦૧૯ ના પત્ર ક્રમાંક:કૃયુકા/૭૮-૮૨/૨૦૧૯

**આમુખ:**

રાજયની આણંદ, જૂનાગઢ, નવસારી, સરદારકૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓ અને રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદના શૈક્ષણિક સંવર્ગો માટે છઠ્ઠા પગાર પંચની ભલામણો વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી (૩) પરના ઠરાવથી UGC / DARE / ICAR મુજબના પગાર ધોરણો મંજૂર કરવામાં આવેલ હતા. આ શૈક્ષણિક સંવર્ગો માટે ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક: (૪) અને યુ.જી.સી.ના વંચાણે લીધેલ ક્રમાંક: (૫) તેમજ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના વંચાણે લીધેલ ક્રમાંક:(૬)ના પત્રમાં જણાવેલ વિગતે કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણ મુજબ પગાર સુધારણાનો

લાભ આપવા રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક:(૭)ના પત્રથી દરખાસ્ત કરી હતી. જે રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

૨. પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની આણંદ, જૂનાગઢ, નવસારી, સરદારકૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓ અને રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદના શૈક્ષણિક સંવર્ગો માટે ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક: (૪) અને યુ.જી.સી.ના વંચાણે લીધેલ ક્રમાંક: (૫) તેમજ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના વંચાણે લીધેલ ક્રમાંક:(૬)ના પત્રમાં જણાવેલ વિગતે નીચેના પત્રક-૧ મુજબ કેન્દ્રીય સાતમા પગારપંચ સંદર્ભે UGC/DARE/ICAR ની ભલામણ મુજબ તા.૦૧/૦૧/૨૦૧૬થી પગાર સુધારણાનો લાભ સ્કેલ ટુ સ્કેલ ધોરણે આપવા માટે નીચે જણાવેલ શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

**પત્રક-૧**

| ક્રમ | સંવર્ગ | છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ હોય તે ઠરાવમાં દર્શાવેલ પે બેન્ડ અને એ.જી.પી. | | સાતમા કેન્દ્રીય પગાર પંચ મુજબની પે મેટ્રીક્ષમાં ગ્રેડ પે આધારીત એકેડેમીક લેવલ | પે મેટ્રીક્ષ મુજબ મંજૂર કરવા પાત્ર એન્ટ્રી પે |
|---|---|---|---|---|---|
| | | પે બેન્ડ ₹ | એ.જી.પી.₹ | | |
| ૧ | કુલપતિ | ૭૫,000 ફિક્સ + ૫000 સ્પેશિયલ એલાઉન્સ+ડી.એ. | --- | -- | ૨,૧૦,000 ફિક્સ + ૫000સ્પેશિયલ એલાઉન્સ |
| ૨ | સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | ૧૪ | ૧,૪૪,૨૦૦ |
| 3 | વિસ્તરણ શિક્ષણ નિયામક | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | ૧૪ | ૧,૪૪,૨૦૦ |
| ૪ | આચાર્ય | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | ૧૪ | ૧,૪૪,૨૦૦ |
| ૫ | પ્રાધ્યાપક અને તેની સમકક્ષ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | ૧૪ | ૧,૪૪,૨૦૦ |
| ૬ | સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | ૧૨ | ૭૯,૮૦૦ |
| | | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૯૦૦૦ | ૧૩ A | ૧,૩૧,૪૦૦ |
| ૭ | મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૦૦૦ | ૧૦ | ૫૭,૭૦૦ |
| | | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૦૦૦ | ૧૧ | ૬૮,૯૦૦ |
| | | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | ૧૨ | ૭૯,૮૦૦ |
| | | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૯૦૦૦ | ૧૩ A | ૧,૩૧,૪૦૦ |
| ૮ | ફીઝીકલ ઈન્સ્ટ્રક્ટર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૦૦૦ | ૧૦ | ૫૭૭૦૦ |
| | | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૦૦૦ | ૧૧ | ૬૮૯૦૦ |
| | | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | ૧૨ | ૭૯૮૦૦ |

ઉપરોક્ત ક્રમ નં.૬ સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ સંવર્ગમાં સાતમા પગાર પંચનો અમલ થયા પછી પે મેટ્રીક લેવલ-૧૨ માં (₹ ૭૯,૮૦૦/-) નિમણૂંક મેળવનાર સહ પ્રાધ્યાપકને ત્રણ વર્ષ બાદ પે મેટ્રીક લેવલ-૧૩ A માં (₹ ૧,૩૧,૪૦૦/-) મુજબનો પગાર મળવાપાત્ર થશે.

૩.(૧) તા.૦૧/૦૧/૨૦૧૬ના રોજ રાજયની કૃષિ યુનિવર્સિટીઓ તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદમાં કુલ મંજુર જગ્યાઓ-**૨૩૦૦** છે અને તે પૈકી-૧૬૫૩ ભરેલી અને ૬૪૭ ખાલી જગ્યાઓ નીચેના સમરી પત્રકમાં દર્શાવ્યા મુજબની હતી.

**સમરી પત્રક**

| યુનિવર્સિટીઓ/પરીષદ | મંજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|
| આણંદ કૃષિ યુનિવર્સિટી | ૫૯૩ | ૪૫૨ | ૧૪૧ |
| જુનાગઢ કૃષિ યુનિવર્સિટી | ૫૮૬ | ૪૧૦ | ૧૭૬ |
| નવસારી કૃષિ યુનિવર્સિટી | ૬૦૭ | ૪૮૮ | ૧૧૯ |
| સ.દાં કૃષિ યુનિવર્સિટી. | ૫૧૧ | ૩૦૦ | ૨૧૧ |
| રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરીષદ | ૦૩ | ૦૩ | ૦૦૦ |
| **કુલઃ-** | **૨૩૦૦** | **૧૬૫૩** | **૬૪૭** |

(૨) ત્યારબાદ કેન્દ્રિય સાતમા પગાર પંચની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા દરખાસ્ત કર્યાની તા.૧૫/૦૮/૨૦૧૮ની પરિસ્થિતીએ ઠરાવના પત્રક-૨ મુજબ નવી જગ્યાઓ મંજુર થયા સહિત કુલ મંજુર જગ્યાઓ **૨૩૩૫** છે. તેમાં **૧૬૪૯** ભરેલી અને **૬૮૬** ખાલી જગ્યાઓ છે. આ ખાલી જગ્યાઓ પૈકીની ભરતી/બઢતી પ્રક્રિયામાં હોય તેવી **૬૫૩** જગ્યાઓ છે.

૪. તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધી નવા સાતમા પગાર પંચનો લાભ આપવાથી જે ખર્ચ વધારો થાય તેના ૫૦% રકમ ભારત સરકાર (ICAR) તરફથી આપવાની સંમતિ મળેલ છે. તેથી તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધી નવા સાતમા પગાર પંચનો લાભ ભારત સરકાર (ICAR) તરફથી ૫૦% રકમ રાજ્ય સરકાર/જે તે કૃષિ યુનિવર્સિટીમાં જમા થાય તે પછી રાજ્યની બાકી ગ્રાન્ટ ઉમેરી સાતમા પગાર પંચ પ્રમાણે પગાર-એરીયર્સ ચુકવણી કરતાં પહેલાં વિભાગ મારફતે નાણાં વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

૫. તા. ૦૧/૦૪/૨૦૧૯થી અમલમાં આવે તે રીતે એપ્રિલ-૨૦૧૯ મહિનાનો પગાર સાતમા પગાર પંચની ગણતરી પ્રમાણે ચૂકવવાનો રહેશે.

**૬. શરતો.**

(૧) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઈઓને આધીન તા.૦૧/૦૧/૨૦૧૬ થી 'સ્કેલ ટુ સ્કેલ' ને ધોરણે પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે.

(૨) સરકાર/નાણા વિભાગની મંજુરી મેળવીને વિભાગના ઠરાવ હેઠળ જેટલી જગ્યાઓને "સ્કેલ ટુ સ્કેલ" ના ધોરણે છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તે જગ્યાઓને જ

હાલ સાતમા પગાર પંચ મુજબની પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે તથા ફિક્સ પગારની જગ્યાઓ તથા આઉટસોર્સીંગથી ભરેલ જગ્યાઓના પગાર સુધારણા મંજુર કરી શકાશે નહીં તથા આ જગ્યાઓ સરકારની પૂર્વ મંજુરી વગર ભરી શકાશે નહીં.

(૩) ઠરાવના પત્રક-૨માં દર્શાવેલ કુલ-૮ સંવર્ગની પૈકીની સંસ્થાઓના નિયમીત પગાર ધોરણની મંજૂર **કુલ-૨૩૩૫** જગ્યાઓમાંથી હાલમાં **ભરેલ કુલ-૧૬૪૯** +ભરતી/બઢતી પ્રક્રિયામાં હોય તેવી **૬૫૩** જગ્યાઓ સિવાયના કોઇ પણ સંવર્ગ/જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ સિવાયની કોઈ પણ જગ્યાએ સરકારની પૂર્વ મંજુરી વગર નિમણૂંક આપી શકાશે નહીં કે પગાર સુધારણા મંજુર કરી શકાશે નહીં. તથા તા.૦૧/૦૧/૧૬ પછી વયનિવૃત્તીના કેસમાં જે તે સંવર્ગ/જગ્યાના પગાર સુધારણા જે તે તારીખે કર્મચારી નિવૃત્ત થાય ત્યાં સુધી જ ગણવાના રહેશે.

(૪) રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અધિકારી/કર્મચારીઓને મળવાપાત્ર (મોંઘવારી ભથ્થાં સિવાય) ભથ્થાં વિદ્યમાન છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ મળવાપાત્ર થશે. રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા તમામ ભથ્થાઓ અનુદાનિત કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદના કર્મચારીઓને સીધે સીધા મળવાપાત્ર થશે નહિ. રાજ્ય સરકાર દ્વારા યોગ્ય તે હુકમો થાય ત્યાર બાદ જ વિચારણા કરવાની થશે.

(૫) કૃષિ યુનિવર્સિટીઓ /પરિષદ દ્વારા ભરતી ,બઢતી તેમજ સેવા વિષયક નિયમો અન્વયે **UGC** ના તા-૧૮.૦૭.૨૦૧૮ નોટીફીકેશન નં-**F**-૧-૨/૨૦૧૭(**EC**/**PS**) “UGC regulation on minimum qualification for appointment of teacher and other academic staff in universities and colleges and measures for the maintenance of standards in higher education,2018” તેમજ **DARE**/**ICAR**ના માપદંડ મુજબ રાખી તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તદુપરાંત **UGC**/**DARE**/**ICAR**ની વખતો વખતની અધતન સૂચનાઓ અનુસાર ગુજરાત કૃષિ યુનિ.સ્ટેચ્યુટમાં જરૂરી સુધારા પણ કરવાના રહેશે.જેના અમલીકરણની જવાબદારી જે તે કૃષિ યુનિ.ના કુલપતિ અને કુલસચિવની રહેશે.

(૬) તા.૦૧/૦૧/૨૦૧૬ બાદ મળવાપાત્ર થતાં કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ મુજબના લાભો હાલમાં મંજૂર કરવાના રહેશે નહીં. આ લાભો મેળવવા માટે વહીવટી વિભાગે પુનઃ દરખાસ્ત કરી નાણા વિભાગની મંજૂરી મેળવવાની રહેશે. **અગ્રીમ ઈજાફા મળવાપાત્ર થશે નહીં.**

(૭) પાંચમા પગાર પંચની ભલામણો ગ્રાહ્ય રાખતી સમયે લેવાયેલ નિર્ણય મુજબ **શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સંવર્ગને વાહનવ્યવહાર ભથ્થું મળવાપાત્ર નથી.**

(૮) સાતમા પગાર પંચને સંબંધિત પગાર બાંધણી અંગે રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદ પોતાની સત્તાની રૂએ કોઇ છુટછાટ આપી શકાશે નહિ.

(૯) સાતમા પગાર પંચનો લાભ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જેટલી જગ્યાઓને UGC / ICAR મુજબ સાતમા પગાર પંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઇ પણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ માટે કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદે પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઇ કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની જવાબદારી જે તે કૃષિ યુનિવર્સિટીના કુલપતિ/કુલસચિવ તથા પરિષદના સબંધિત અધિકારીશ્રીની રહેશે.

(૧૦) કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદ પોતાની સત્તાની રૂએ કોઇ પણ જગ્યાઓ ઉભી કરી શકશે નહિ અને કોઇ પણ કર્મચારીની ભરતી કરી શકશે નહિ.

(૧૧) કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદ દ્વારા **રાજ્ય સરકારની કરકસરની નીતિનો** ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૨) છઠ્ઠા પગાર પંચ મુજબના પ્રવર્તમાન ભથ્થાંઓના દરમાં કોઇ વધારો કરવાનો રહેશે નહીં કે વધારાના પ્રોત્સાહન (incentives)/લાભ રાજ્ય સરકારની મંજુરી વગર આપી શકશે નહીં. સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થતા ભથ્થાંઓ/લાભ અંગેના હુકમો સીધે સીધા કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદના કર્મચારીઓને લાગુ પડશે નહીં સિવાય કે હુકમોમાં તે અંગે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હોય.

(૧૩) કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદના તમામ કર્મચારીઓનું આઇ.એફ.એમ.એસ.(IFMS) સીસ્ટમ દ્વારા ફરજીયાતપણે ઓન લાઇન પે ફીક્સેશન તથા ઓન લાઇન વેરીફીકેશન કરાવવાનું રહેશે.વેરીફીકેશન કરાવવાની જવાબદારી જે તે કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદના પે ફીક્શેશન કરનાર અધિકારી/ડીડીઓની રહેશે. છઠ્ઠા પગાર પંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય અને વેરીફીકેશન થયેલ હોય તે કર્મચારીની તમામ વિગતો બનેલ પ્રસંગો(events) અદ્યતન કરી, ત્યાર બાદ જ સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે. ઉપરાંત સંસ્થા દ્વારા કર્મચારીઓના પે વેરીફીકેશન નિયામકશ્રી હિસાબ અને તિજોરીની કચેરીમાં કરાવવાના રહેશે તથા વખતો વખતના પ્રસંગો (ઈજાફા/બઢતી/કેરીયર એડવાન્સમેન્ટ યોજના વગેરે) /કેસ IFMS હેઠળના પગાર બાંધણી મોડયુલમાં અપડેટ કરવાના રહેશે.

(૧૪) UGC / ICAR અને રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ / પરિષદના શૈક્ષણિક વર્ગના વહીવટી તંત્રની જગ્યાઓ કે જેના સેવાકીય નિયમો સમાન છે. ત્યાં સુધારેલ પગાર લાગુ પાડી શકાશે. પરંતું જયાં નામાભિધાન વિગરે અલગ હોય તે અંગે વિભાગની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

(૧૫) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી પગાર ચકાસણી એકમ દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગાર પંચ પ્રમાણે ઓન લાઇન પગાર બાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીની સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી થઈ શકશે નહીં. તેવા કર્મચારીની પગાર બાંધણી કરી સાતમા પગાર પંચ મુજબ પગાર આકારવામાં આવશે તો તે અંગે જે તે કૃષિ યુનિવર્સિટીના કુલપતિ/કુલસચિવ તથા પરિષદના સબંધિત અધિકારીશ્રીની જવાબદારી રહેશે.

(૧૬) કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદ દ્વારા સંસ્થાની કોઇ જગ્યા પોતાની રીતે ભરી હશે તો અથવા ભરશે તો આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહીં.

(૧૭) તા.૧/૧/૨૦૧૬ના રોજ કે ત્યારબાદ નિવૃત્ત થયેલ અધિકારીઓ / કર્મચારીઓને નિયમોનુસાર સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ (ગ્રેડ પે ને અનુરૂપ પે મેટ્રીક્સના લેવલમાં મળવાપાત્ર પગાર) તથા તે મુજબના નિવૃતિ લાભો જે મળવાપાત્ર થતા હશે તો તે પગાર બાંધણીની ચકાસણી થયા બાદ સરકારશ્રીના નિયમો અનુસાર ચુકવવાના રહેશે.

(૧૮) ઉપર મુજબની શરતોને આધિન ઠરાવના પત્રક-૨માં દર્શાવ્યા મુજબની કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદની કુલ-૮ સંવર્ગની મંજૂર થયેલ મહેકમની કુલ-૨૩૩૫ જગ્યાઓમાંથી નિયમિત પગારની ભરેલી **કુલ-૧૬૪૯** + ભરતી/ બઢતી પ્રક્રિયામાં હોય તેવી **૬૫૩** જગ્યાઓના જ પગાર સુધારણા મંજૂર કરવાની રહેશે.

(૧૯) ઠરાવના પત્રક-૨માં દર્શાવેલ કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદના કર્મચારીઓનું મંજૂર મહેકમ કુલ-૨૩૦૨ જગ્યાઓનું રહેશે. વધુમાં પત્રક-૨ના કોલમ-૧૧ માં જણાવ્યા મુજબની ૩૩ ખાલી જગ્યાઓ રદ કરવાની રહેશે.

(૨૦) આ અંગેનું સઘળું ખર્ચ ગ્રાન્ટ-ઇન-એઇડ હેઠળના કૃષિ યુનિવર્સિટી ફંડના નિયત સદર હેઠળ ઉધારવાનું રહેશે.

(૨૧) I.C.A.R ના તા.૨૭/૦૩/૨૦૧૮ના પત્રમાં દર્શાવેલ સામાન્ય શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨૨) **NET** ના સંદર્ભમાં અત્રેના તા-૫.૦૯.૨૦૦૮ના પત્ર ક્રમાંક-ગકવ-/૧૪૨૦૦૬/૩૨૮૨/ક-૨ ની સૂચના તેમજ વિભાગના તા-૧૯.૧૧.૨૦૦૯ના ઠરાવ ક્રમાંક-**SCA**/૧૦૨૦૦૯-૧૫-ક-૨ તથા તા.૨૩.૦૧.૨૦૧૩ના ઠરાવ ક્રમાંક-ગકવ-૧૪૨૦૦૬-૩૨૮૨-પાર્ટ-૧-ક-૨ અન્વયે મદદનીશ પ્રાધ્યાપક અને તેના સમકક્ષ જગ્યાઓ ની ભરતી અને બઢતી બાબતે **ICAR** ના તા-૦૯.૦૩.૨૦૧૭ ના પત્ર કમાંક-**Edn**.૨૩/૪૬/૨૦૧૦-**EQR(pt)** થી **NET** ના સંદર્ભમાં મળેલ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. તેમજ મદદનીશ પ્રાધ્યાપક અને તેના સમકક્ષ જગ્યાઓ ની ભરતી અને બઢતી બાબતે "**NET**" પાસ અનિવાર્ય છે" તે મુજબનો ગુજરાત કૃષિ યુનિ.સ્ટેચ્યુટમાં જરૂરી સુધારા પણ કરવાના રહેશે.જેના અમલીકરણની જવાબદારી જે તે કૃષિ યુનિ.ના કુલપતિ અને કુલસચિવની રહેશે.

૭. કૃષિ યુનિવર્સિટીઓ / પરિષદના કર્મચારી સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા / પગાર બાંધણી અંગે નિયત નમૂનામાં વિકલ્પ આપી શકશે અને સબંધિત કચેરી દ્વારા કર્મચારીઓ પાસેથી વિકલ્પ મેળવ્યા બાદ જ વિકલ્પ મુજબ જે તે તારીખથી પગાર બાંધણી કરવાની રહેશે. એકવાર આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણવાનો રહેશે. કૃષિ યુનિવર્સિટીઓ/પરિષદના કર્મચારીઓ પાસેથી નિયત નમૂના મુજબના બાહેંધરી પત્રમાં બાહેંધરી મેળવવાની રહેશે.

૮. ઠરાવના પત્રક-૧ માં દર્શાવવામાં આવેલ સંવર્ગ તેમજ તેના પગાર ધોરણો પણ સંબધિત કૃષિ યુનિવર્સિટીઓ / પરિષદ દ્વારા પુન: ચકાસણીને આધીન 'સ્કેલ ટુ સ્કેલ' ને ધોરણો યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે પુન: દરખાસ્ત કરી વિભાગ મારફત નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

૯. આ પગાર સુધારણાની મંજુરી ઉપર જણાવેલ પારા-૭ ની (૧) થી (૨૨) શરતો અને પારા-૪ થી ૫ તેમજ પારા-૭ થી ૮ ની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવતી હોઈ આ શરતો/સૂચનાઓનું સંપુર્ણ પાલન થાય તે જે તે કૃષિ યુનિવર્સિટીના કુલપતિ/કુલસચિવ તથા પરિષદના સબંધિત વડાએ સુનિશ્ચિત કરવાનું રહેશે. કોઈ મુદ્દા અંગે સ્પષ્ટતાની જરૂર જણાયે વહીવટી વિભાગ મારફત નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

૧૧. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૮.૦૩.૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(નીતિન ભાવસાર )**
**ઉપ સચિવ**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેકટર જનરલ, આઈ.સી.એ.આર. કૃષિ ભવન, નવી દિલ્હી-૧૧૦૦૦૧. (પત્ર દ્વારા)
- ડેપ્યુટી ડાયરેકટર જનરલ(એજ્યુકેશન), આઈ.સી.એ.આર., પુસા, નવી દિલ્હી-૧૧૦૦૦૧.
- અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ઇ.ડી.પી. સેલ, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, પગાર ચકાસણી એકમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક-૧૭, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ(પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ), સચિવાલય, ગાંધીનગર.
- પ્રાધ્યાપક અને કચેરી વડાશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર.
- કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ, જૂનાગઢ, નવસારી, સરદારકૃષિનગર.
- સેકશન અધિકારીશ્રી, આઈ.ટી.શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર....તરફ જાણ તેમજ આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવા વિનંતી.
- બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રી, ક-૨ શાખા.
- સિલેકટ ફાઇલ.

# પત્રક--૨

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ગકવ/૧૬૨૦૧૮/૧૩૧૬/ક-૨, તા.............

કૃષિ યુનિવર્સિટીઓની સાતમા પગાર પંચની પગાર સુધારણાની દરખાસ્તની તા.૧૫/૦૮/૨૦૧૮ની પરિસ્થિતીએ જગ્યાઓના સંદર્ભેની મંજૂર, ભરાયેલ, ખાલી, બઢતી-ભરતી પ્રક્રિયામાં સમાવિષ્ટ અને રદ કરવાની જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | છઠ્ઠા પગાર પંચના ઠરાવ મુજબ સંવર્ગનું નામ | અનુદાનિત સંસ્થાનું નામ | છઠ્ઠા પગાર પંચના | | | સાતમા પગાર પંચના અમલ સમયે | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ઠરાવ મુજબ કુલ જગ્યા ઓની સંખ્યા | અમલ બાદ નવી મંજૂર થયેલ જગ્યાઓ ની સંખ્યા | અમલ બાદ એબેયન્સ, રદ થયેલ જગ્યાઓ ની સંખ્યા | મંજુર થયેલ જગ્યાઓ નો કુલ સરવાળો (૪+૫-૬) | ભરેલી જગ્યા ઓની સંખ્યા | ખાલી રહેલ જગ્યા ઓની સંખ્યા | દરખાસ્ત સમયે ભરતી/ બઢતી પ્રકિયામાં (Process) માં સમાવેશ કરેલ ખાલી જગ્યાઓની સંખ્યા | રદ કરવાની થતી જગ્યાઓ ની સંખ્યા (૯-૧૦) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| **યુનિવર્સિટી અધિકારી** | | | | | | | | | | | |
| ૧ | કુલપતિ | આ.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | 0 | |
| | | જુ.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | 0 | |
| | | ન.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | 0 | |
| | | સ.દાં.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | 0 | |
| | | કુલ | ૦૪ | ૦ | ૦ | ૦૪ | ૦૪ | ૦ | ૦ | 0 | |
| ૨ | સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ | આ.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | 0 | |
| | | જુ.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | 0 | |
| | | ન.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦૧ | 0 | |
| | | સ.દાં.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦૧ | 0 | |
| | | કુલ | ૦૪ | ૦ | ૦ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૨ | 0 | |
| ૩ | વિસ્તરણ શિક્ષણ નિયામક | આ.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | 0 | |
| | | જુ.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | 0 | |
| | | ન.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦૧ | 0 | |
| | | સ.દાં.કૃ.યુ. | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | 0 | |
| | | કુલ | ૦૪ | ૦ | ૦ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૧ | 0 | |
| ૪ | આચાર્ય | આ.કૃ.યુ. | ૦૭ | ૦૫ | ૦૩ | ૦૯ | ૦૬ | ૦૩ | ૦૩ | 0 | |
| | | જુ.કૃ.યુ. | ૦૫ | ૦૨ | ૦ | ૦૭ | ૦૪ | ૦૩ | ૦૩ | 0 | |
| | | ન.કૃ.યુ. | ૦૩ | ૦૩ | ૦ | ૦૬ | ૦૪ | ૦૨ | ૦૨ | 0 | |
| | | સ.દાં.કૃ.યુ. | ૦૪ | ૦૭ | ૦૩ | ૦૮ | ૦૨ | ૦૬ | ૦૬ | 0 | |
| | | કુલ | ૧૯ | ૧૭ | ૦૬ | ૩૦ | ૧૬ | ૧૪ | ૧૪ | 0 | |
| **શૈક્ષણિક સંવર્ગ** | | | | | | | | | | | |
| ૫ | પ્રાધ્યાપક અને તેની સમકક્ષ | આ.કૃ.યુ. | ૭૫ | ૦૯ | ૨૨ | ૬૨ | ૨૦ | ૪૨ | ૪૨ | 0 | |
| | | જુ.કૃ.યુ. | ૪૨ | ૨૦ | ૦૨ | ૬૦ | ૨૮ | ૩૨ | ૩૨ | 0 | |
| | | ન.કૃ.યુ. | ૩૬ | ૨૫ | ૦૩ | ૫૮ | ૨૪ | ૩૪ | ૩૪ | 0 | |
| | | સ.દાં.કૃ.યુ. | ૪૮ | ૧૪ | ૧૦ | ૫૨ | ૨૨ | ૩૦ | ૩૦ | 0 | |
| | | કુલ | ૨૦૧ | ૬૮ | ૩૭ | ૨૩૨ | ૯૪ | ૧૩૮ | ૧૩૮ | 0 | |

| ક્રમ | છઠ્ઠા પગાર પંચના ઠરાવ મુજબ સંવર્ગનું નામ | અનુદાનિત સંસ્થાનું નામ | છઠ્ઠા પગાર પંચના | | | સાતમા પગાર પંચના અમલ સમયે | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ઠરાવ મુજબ કુલ જગ્યા ઓની સંખ્યા | અમલ બાદ નવી મંજૂર થયેલ જગ્યાઓ ની સંખ્યા | અમલ બાદ એબેયન્સ, રદ થયેલ જગ્યાઓ ની સંખ્યા | મંજુર થયેલ જગ્યાઓ નો કુલ સરવાળો (૪+૫-૬) | ભરેલી જગ્યા ઓની સંખ્યા | ખાલી રહેલ જગ્યા ઓની સંખ્યા | દરખાસ્ત સમયે ભરતી/ બઢતી પ્રક્રિયામાં (Process) માં સમાવેશ કરેલ ખાલી જગ્યાઓની સંખ્યા | રદ કરવાની થતી જગ્યાઓ ની સંખ્યા (૯-૧૦) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૬ | સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ | આ.કૃ.યુ. | ૧૯૭ | ૨૭ | ૫૫ | ૧૬૯ | ૧૧૫ | ૫૪ | ૫૪ | ૦ | |
| | | જુ.કૃ.યુ. | ૧૪૧ | ૫૧ | ૦૫ | ૧૮૭ | ૧૨૭ | ૬૦ | ૫૭ | ૦૩ | |
| | | ન.કૃ.યુ. | ૧૧૨ | ૫૩ | ૨૦ | ૧૪૫ | ૧૦૧ | ૪૪ | ૪૪ | ૦ | |
| | | સ.દાં.કૃ.યુ. | ૧૨૪ | ૩૦ | ૧૭ | ૧૩૭ | ૮૮ | ૪૯ | ૪૯ | ૦ | |
| | | કુલ | ૫૭૪ | ૧૬૧ | ૯૭ | ૬૩૮ | ૪૩૧ | ૨૦૭ | ૨૦૪ | ૦૩ | |
| ૭ | મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ | આ.કૃ.યુ. | ૩૪૩ | ૭૨ | ૬૭ | ૩૪૮ | ૩૦૬ | ૪૨ | ૩૪ | ૦૮ | |
| | | જુ.કૃ.યુ. | ૨૬૮ | ૧૦૬ | ૦૭ | ૩૬૭ | ૨૫૯ | ૧૦૮ | ૧૦૬ | ૦૨ | |
| | | ન.કૃ.યુ. | ૨૬૫ | ૧૩૩ | ૧૨ | ૩૮૬ | ૩૦૯ | ૭૭ | ૫૭ | ૨૦ | |
| | | સ.દાં.કૃ.યુ. | ૨૨૬ | ૧૦૩ | ૧૯ | ૩૧૦ | ૨૧૪ | ૯૬ | ૯૬ | ૦ | |
| | | રા.કૃ.યુ.પ. | ૦૩ | ૦ | ૦ | ૦૩ | ૦૩ | ૦ | ૦ | ૦ | |
| | | કુલ | ૧૧૦૫ | ૪૧૪ | ૧૦૫ | ૧૪૧૪ | ૧૦૯૧ | ૩૨૩ | ૨૯૩ | ૩૦ | |
| ૮ | ફીઝીકલ ઇન્સ્ટ્રક્ટર | આ.કૃ.યુ. | ૦૨ | ૦ | ૦ | ૦૨ | ૦૨ | ૦ | ૦ | ૦ | |
| | | જુ.કૃ.યુ. | ૦૧ | ૦૧ | ૦ | ૦૨ | ૦૨ | ૦ | ૦ | ૦ | |
| | | ન.કૃ.યુ. | ૦૨ | ૦ | ૦ | ૦૨ | ૦૨ | ૦ | ૦ | ૦ | |
| | | સ.દાં.કૃ.યુ. | ૦૩ | ૦ | ૦ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦ | |
| | | કુલ | ૦૮ | ૦૧ | ૦ | ૦૯ | ૦૮ | ૦૧ | ૦૧ | ૦ | |
| | | | | | | **સમરી** | | | | | |
| | **કુલ સરવાળો** | આ.કૃ.યુ. | ૬૨૭ | ૧૧૩ | ૧૪૭ | ૫૯૩ | ૪૫૨ | ૧૪૧ | ૧૩૩ | ૦૮ | |
| | | જુ.કૃ.યુ. | ૪૬૦ | ૧૮૦ | ૧૪ | ૬૨૬ | ૪૨૩ | ૨૦૩ | ૧૯૮ | ૫ | |
| | | ન.કૃ.યુ. | ૪૨૧ | ૨૧૪ | ૩૫ | ૬૦૦ | ૪૪૧ | ૧૫૯ | ૧૩૯ | ૨૦ | |
| | | સ.દાં.કૃ.યુ. | ૪૦૮ | ૧૫૪ | ૪૯ | ૫૧૩ | ૩૩૦ | ૧૮૩ | ૧૮૩ | ૦ | |
| | | રા.કૃ.યુ.પ. | ૦૩ | ૦ | ૦ | ૦૩ | ૦૩ | ૦ | ૦ | ૦ | |
| | | **કુલ** | **૧૯૧૯** | **૬૬૧** | **૨૪૫** | **૨૩૩૫** | **૧૬૪૯** | **૬૮૬** | **૬૫૩** | ૩૩ | |

**આ.કૃ.યુ.** = આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

**જુ.કૃ.યુ.** = જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ

**ન.કૃ.યુ.** = નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**સ.દાં.કૃ.યુ.** = સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર

**રા.કૃ.યુ.પ.** = રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર

**Annexure-I**

Form No.1

**FORM OF OPTION**

[See rule 6 ]

*1. I............................................................................................hereby elect the revised pay structure with effect from 1st January, 2016.

*2. I,..............................................................hereby elect to continue on Pay Band and Grade Pay of my substantive / officiating post mentioned below until:

* the date of my next increment / the date of my subsequent increment raising my pay to Rs.________/
I vacate or cease to draw pay in the existing pay structure / the date of my promotion/financial upgradation to the post of______________.

Existing Pay Band and Grade Pay___

Signature.......................................

Name.......................................

Date:

Place:

Office in which employed......................

Signed before me.

Signature

Head of office(in case of non-gazetted Government employee)

Signature

Another Gazetted Officer(in case of Gazetted Government Employee)

.........................................................................................................................

Received above declaration

Signature

Pay and Account officer/Head of Office

* To be strike out, if not applicable.

Annexure-II

## UNDERTAKING

I hereby undertake that in the event of my pay having been fixed in a manner contrary to the provisions contained in these Rules, as detected subsequently, any excess payment so made shall be refunded by me to the Government either by adjustment against future payments due to me or otherwise.

Signature __________

Name _____

Designation ________

**Date:**
Palace:

Office in which employed

Signed before me

Signature
Head of office (in case of Non-Gazetted Government Employee)

Signature
Another Gazetted Officer (in case of Gazetted officer)